PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૭/ક્વા–૦૩/૧૬–૧૭/ ૧૦૧૪૦ તા. ૧૧.૧૧.૧૬

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
હંસરાજભાઈ ગાંડુભાઈ વિરસોડીયા,
ગામ: જાંબુડા,
તા.જામનગર,
જી: જામનગર
મો: ૯૯૭૮૮ ૭૨૭૪૨

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૭–૧૦–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૭/ક્વા–૦૩/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, હાપા પેટા વિભાગીય કચેરી, જામનગર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 04 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ.નં. : સીજીઆરએફ : ૧૭/કવા–૦૩/૧૬–૧૭ | કમિટિ મીટીગ તા.૦૯–૧૧–૧૬ | સ્થળ :–જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: હંસરાજભાઈ ગાંડુભાઈ વિરસોડીયા,ગામ: જાંબુડા,

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : હાપા પેટા વિભાગીય કચેરી, જામનગર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર)

રજુઆત કરનાર :પી.એલ.ગોહેલ, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર

## : હુકમ :

ફરીયાદ : વીજબીલ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેઓના ગામઃ જાંબુડા ખાતે ના, શ્રી ગાંડુભાઈ પ્રેમજીભાઈ ના નામના, ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૫૫૫૧/૦૦૫૨૧/૬ નુ જોડાણ ખરેખર ચાલુ હોય, તેમ છતા, પીજીવીસીએલ તરફથી વર્ષ–૨૦૦૫ થી આજદિન સુધી તેઓને નિયમીત વીજબીલો મળતા નથી, પીજીવીસીએલ ના જણાવવા મુજબ તેઓનુ જોડાણ, જે '' વાય– ૨૬ '' થયેલ છે. પરંતુ, આ કાર્યવાહી ની આગવી કોઈ જાણકારી કે નોટીસ તેઓને મળેલ નથી. આમ, તેમના ચાલુ જોડાણ મા, નિયમીત બીલીગ દાખલ કરવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી સ્પષ્ટતા કરતા, ફોરમ કમિટી ને જણાવવામા આવેલ છે કે, અરજદાર ના ગામઃ જાંબુડા ખાતે ના, શ્રી ગાંડુભાઈ પ્રેમજીભાઈ ના નામના, ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૫૫૫૧/૦૦૫૨૧/૬ નુ જોડાણ ખરેખર ચાલુ હોય, તેમ છતા, પીજીવીસીએલ તરફથી વર્ષ–૨૦૦૫ થી આજદિન સુધી તેઓને નિયમીત વીજબીલો મળતા ન હોવા બાબતે ની વિગત ધ્યાને રાખીને, પીજીવીસીએલ તરફથી રેકર્ડ આધારીત ચકાસણી કરતા, જોડાણ મા જુલાઈ–૨૦૦૮ ની સ્થિતીએ, રૂ.૫૨૦૦/૧૧ બાકી લેણા હોવાની બાબત ના અનુસંધાને, જે તે સમયે સદર જોડાણ ને, જે '' વાય– ૨૬ '' મુજબ ની બીલીગ એકાઉન્ટ મા નોંધ અપાયેલ હતી. ત્યારબાદ, અરજદાર ના સદર જોડાણ ના બીલીગ ખાતામા, તા.૨૧–૧૧–૦૮ ના રોજ રકમ રૂ.૫૦૦૦/– જમા થયેલ હોવાની બાબત ની પણ નોંધ છે. પરંતુ, સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, સદર જોડાણ ના બીલીગ ખાતામા, નવેમ્બર –૨૦૦૮ ની સ્થિતીએ '' વાય ટુ નોર્મલ '' થયેલ ન હોવાના કારણોસર, અરજદાર શ્રી ના સદર જોડાણ નુ બીલીગ, જે નવેમ્બર –૨૦૦૮ થી આપોઆપ બંધ થઈ ચુકેલ હતુ. |

| | |
|---|---|
| **૨.૨** | હાલ, સબંધક પેટા વિભાગીય કચેરી ના જવાબદાર અધિકારી તરફથી, જોડાણ વાળા સ્થળ ની રૂબરૂ મુલાકાત લેતા, જોડાણના સ્થળ પર ખરેખર જોડાણ ચાલુ હોવાની પૂર્તતા સાંપડેલ છે. જેથી, સદર જોડાણ મા નવેમ્બર –૨૦૦૮ થી આજદિન સુધી ના એટલેકે ઓકટોબર–૨૦૧૬ સુધી ના, જોડાણ ચાલુ હોવા સબબ ની બાબતે ની, ભુલ સુધારણા નોંધ, હાલ ભુલ સુધારણા ના ભાગરૂપ આવરી લઈ, અને '' એકસ ટુ નોર્મલ '' ની ઈ–ઉર્જા અન્વયે ની દરખાસ્ત ઉપલી કચેરી સમક્ષ રજુ થયેલ છે. જો કે, સદર જોડાણ ના ઈ–ઉર્જા બીલીગ પ્રણાલી મા સદર જોડાણ નોર્મલ મુજબ દર્શાવતુ હોય, તે મુજબ ની સ્પષ્ટતા સાથે ની, જોડાણ ને નિયમીત વીજબીલીગ હેઠળ મુકવાની, સદર દરખાસ્ત ની મંજુરી મળતા, અરજદાર ના સદર જોડાણ નુ નિયમીત વીજબીલીગ, જે પ્રાશ્ચ્યાત અસર થી, પ્રતિ વીજબીલ વિભાજીત યુનીટ / રકમ હેઠળ, અરજદાર શ્રી ની જાણકારી હેઠળ રજુ કરી અને અરજદાર શ્રી ની ફરીયાદ નુ નિરાકરણ કરવામા આવશે. હાલ, અરજદાર શ્રી ને આ હકીકકત સમજાવતા, અરજદાર શ્રી એ આ બાબત રાજીખુશી થી માન્ય રાખી, અને ઓન એકાઉન્ટ રૂ.૪૦,૦૦૦/– નુ ચુકવણુ તા.૧૯–૧૦–૧૬ ના રોજ પીજીવીસીએલ મા કરી આપેલ છે. આમ, હવે અરજદાર શ્રી ને સદર જોડાણ ના બીલીગ બાબતે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, અરજદાર શ્રી એ તા.૦૭–૧૧–૧૬ ના રોજ નો લેખીત સંમંતીપત્ર પણ પીજીવીસીએલ સમક્ષ રજુ કરી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ મૌખીક ચર્ચા તથા પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં.૧.૧ મુજબ ની વિગતેની માંગણી ના અનુસંધાને,પીજીવીસીએલ તરફથી મુદદા નં.૨.૧ મુજબ ની વિગતે અરજદાર શ્રી ના સદર જોડાણ મા, સબંધક કચેરી ના કર્મચારી તરફથી શરતચુક થી, જોડાણ, જે ખરેખર નિયમીત પણે ચાલુ હોવા છતા, જોડાણ ને નિયમીત વીજબીલીગ હેઠળ રખાયેલ હોવા બાબતે ની નોંધ, જે બીલીગ ખાતામા અપાયેલ ન હતી. હાલ પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી ભુલસુધારણા ના ભાગરૂપ સદર બાબત ને આવરી લઈ, અને જોડાણ ને નિયમીત ચાલુ ના દરજજા હેઠળ લેવામા આવેલ છે. અને જોડાણ મા પુનઃ બીલીગ ની કાર્યવાહી, જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી હેઠળ હાથ ધરાયેલ છે. જે, અન્વયે અરજદાર શ્રી એ પણ, રાજીખુશી થી, સદર જોડાણ મા, ચુકવવા પાત્ર રકમ નુ, ઓન એકાઉન્ટ રૂ.૪૦,૦૦૦/– નુ ચુકવણુ તા.૧૯–૧૦–૧૬ ના રોજ પીજીવીસીએલ મા કરી આપેલ છે. આમ, પીજીવીસીએલ પક્ષકાર ને, સદર જોડાણ નુ નિયમીત વીજબીલીગ, જે પ્રાશ્ચ્યાત અસર થી આજદિન સુધી પ્રસ્થાપિત કરી અને તે મુજબ ની નોંધ, બીલીગ ખાતામા આપી, અને તે મુજબ જોડાણ ને, દિન–૧૦ મા નિયમીત વીજબીલીગ મા પ્રસ્થાપિત કરવાનો, પીજીવીસીએલ ને આદેશ આપવા સબબ નો, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. આમ, પીજીવીસીએલ ની સદર કાર્યવાહી, અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ સંપન્ન થયેલ હોય, જેથી હવે, અરજદાર શ્રી ને સદર જોડાણ ના બીલીગ બાબતે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, અરજદાર શ્રી એ તા.૦૭–૧૧–૧૬ ના રોજ નો લેખીત સંમંતીપત્ર પણ પીજીવીસીએલ સમક્ષ રજુ કરી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની ફરીયાદ નુ, અરજદાર શ્રી ના તા.૦૭–૧૧–૧૬ ના રોજ નો લેખીત સંમંતીપત્ર હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫''** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..